
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૭ * અંક ૯-૧૦

અષાઢ-શ્રાવણ

જુલાઈ-ઓગસ્ટ–૨૦૦૦

આત્મ સંવત : ૧૦૪

વીર સં. : ૨૫૨૬

વિક્રમ સંવત : ૨૦૫૬

सम्पद्यते न कल्याणं ज्ञानिनो ज्ञानमात्रतः।
किन्तु तत्फलभूतेन सम्यक्चारित्रतेजसा॥

*

જ્ઞાનીનું કલ્યાણ ફક્ત એના જ્ઞાનથી થઈ શકતું નથી, પણ જ્ઞાનનું ફળ જે સમ્યક્ ચારિત્ર (સમ્યક્ જ્ઞાનના આધાર પર પ્રવર્તમાન જે સમ્યક્ ચારિત્ર) તેનાથી થાય છે. ૬

*

He Who is Possessed of great knowledge, is not able to get his spiritual welfare on the strength of his mere knowledge, but he can obtain that by right conduct originated from right knowledge. 6

*(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૬, પૃષ્ઠ ૧૬૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સભાને પ્રાપ્ત થયેલ ડોનેશનની વિગત | | ૯૭ |
| (૨) | અરિહંત નમો ભગવંત નમો | શ્રી રાયચંદ મ. શાહ | ૯૮ |
| (૩) | વેરના વિષ ઉતારવાનો અમર મંત્ર મિચ્છામિ દુક્કડમ્ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૯૯ |
| (૪) | દંભ અને અસત્યને પણ સત્યનો ચહેરો લગાવીને નીકળવું પડે છે | શ્રી મહેન્દ્ર પુનાતર | ૧૦૨ |
| (૫) | પર્યુષણ પર્વની આરાધના કેમ કરશો ? | શ્રી દિવ્યકાંત સલોત | ૧૦૬ |
| (૬) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ ★ હપ્તો : ૨૦મો) | | ૧૦૮ |
| (૭) | ભગવાન મહાવીરના પાંચ સંકલ્પ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૧૧ |
| (૮) | વીરચંદ રાઘવજી શિષ્યવૃત્તિ | | ૧૧૩ |
| (૯) | અમેરિકામાં યોજાયેલા ડૉ. કુમારપાળ દેસાઈના પર્યુષણ-પ્રવચનો | | ૧૧૪ |
| (૧૦) | પાપના પંથેથી પાછા ફરવું તે ધર્મ છે ! | | ૧૧૫ |
| (૧૧) | તોલ મોલ પછી બોલ | મુનિ દેવરત્નસાગર | ૧૧૭ |


### ક્ષમાપના



**શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના પ્રકાશન કરતાં કે અન્ય કોઈ પ્રસંગોપાત વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન-વચન-કાયાથી કોઈપણનું દિલ દુભાવ્યું હોય તો ખરા હૃદયથી ક્ષમાયાચના કરીએ છીએ.**

—શ્રી આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાને પ્રાપ્ત થયેલ ડોનેશનની વિગત

| | |
|---|---|
| ૧,૦૨,૦૦૦=૦૦ | પ્રાચીન હસ્તપ્રત જ્ઞાનભંડાર તથા સંસ્થા પ્રકાશિત ગ્રંથભંડાર બંને ઉપર નામકરણ કરવા શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી ફાઉન્ડેશન-ઘાટકોપર-મુંબઈ તરફથી હ. શેઠશ્રી મહેશભાઈ ગાંધી |
| | **શૈક્ષણિક ઉત્તેજન-કેળવણી અનામત કાયમી ફંડ ખાતે** |
| ૨૫,૦૦૦=૦૦ | શેઠશ્રી રસિકલાલ ચત્રભુજભાઈ શાહ-ચુનાભઠ્ઠી, મુંબઈ |
| ૧૧,૧૧૧=૦૦ | શેઠશ્રી ભાસ્કરરાય વિઠ્ઠલદાસ શાહ-ઘાટકોપર, મુંબઈ |
| ૫,૦૦૧=૦૦ | શેઠશ્રી વસંતરાય ગિરધરલાલ મહેતા-નેપીયન્સી રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠ (કટકવાળા) ઘાટકોપર, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી ઈન્દુલાલ જમનાદાસ શાહ, બોરીવલી (ઈ), મુંબઈ |
| ૨,૫૦૦=૦૦ | શેઠશ્રી પ્રતાપરાય કાંતિલાલ શાહ, વિલેપાર્લા, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ લાકડાવાળા, વી.પી. રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી ભરતકુમાર અમૃતલાલ લાકડાવાળા, વી.પી. રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી નીતિનકુમાર અમૃતલાલ લાકડાવાળા, વી.પી. રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શ્રીમતી મીનાક્ષીબેન ભરતકુમાર લાકડાવાળા, વી.પી. રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | શ્રીમતી ઈલાબેન નીતિનકુમાર લાકડાવાળા, વી.પી. રોડ, મુંબઈ |
| ૫,૦૦૦=૦૦ | સ્વ. હીરાબેન જયંતીલાલ મણિલાલ ઘડીયાળી ટ્રસ્ટ, ભાવનગર |
| ૮૩,૬૧૨=૦૦ | કુલ રકમ |
| | **નિભાવ ફંડ ખાતે** |
| ૫,૦૦૦=૦૦ | શેઠશ્રી નવીનચંદ્ર જમનાદાસ શાહ, બોરીવલી-મુંબઈ |
| ૨,૦૦૦=૦૦ | શેઠશ્રી હિંમતલાલ દામજીભાઈ દોશી, ફોર્ટ-મુંબઈ |
| ૧,૦૦૦=૦૦ | મે. અશ્વિન ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, ફોર્ટ-મુંબઈ |
| ૧,૦૦૧=૦૦ | મે. પૂનમ આંગડીયા (ગિરિરાજ ટ્રેડીંગ, બીબીજાન સ્ટ્રીટ, મુંબઈ) |
| ૯,૦૦૧=૦૦ | કુલ રકમ |
| | **જ્ઞાન આવક ફંડ ખાતે** |
| ૧૧,૦૦૦=૦૦ | શ્રી આદિશ્વર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, અંધેરી (ઇસ્ટ) |
| | **પેટ્રન મેમ્બર ફી ફંડ ખાતે** |
| ૩૦,૫૩૧=૦૦ | પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓ : તરફથી જેની નોંધ આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવી છે. |

**: સભ્ય ફી :**

**પેટ્રન મેમ્બર રૂા. ૧૦૦૧=૦૦**

**આજીવન સભ્ય રૂા. ૫૦૧=૦૦**

(ચેક, ડ્રાફટ 'શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના નામનો મોકલવો.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અરિહંત નમો ભગવંત નમો

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળા કાજ નમો.
અરિહંત.....(૧)

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશય નિધિ, પ્રવચન જલધી મયંક નમો.
અરિહંત.....(૨)

તીહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવ રસાળ નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કરજોડીને ત્રિકાળ નમો.
અરિહંત.....(૩)

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયના નંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનીશ સેવ નમો.
અરિહંત.....(૪)

તું તીર્થંકર સુખકર સાહીબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિત વત્સલ, તું હી કૃપારસ સિંધુ નમો.
અરિહંત.....(૫)

કેવળજ્ઞાના દર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દૂરીત ઉપદ્રવ ભાવ નમો.
અરિહંત.....(૬)

જગ ચિંતામણી જગગુરુ, જગહિતકારક, જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો.
અરિહંત.....(૭)

અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દીયો અનુપમ દાનેશ્વર, જ્ઞાન વિમલ સૂરિશ નમો.
અરિહંત.....(૮)

***સંપાદક : રાયચંદ મગનલાલ શાહ–બોરીવલી, મુંબઈ-૯૨***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વેરના વિષ ઉતારવાનો અમર મંત્ર મિચ્છા મિ દુક્કડમ્

—ડૉ. કુમારપાળ દેસાઈ

પર્વાધિરાજ પર્યુષણનું ગૌરીશિખર છે ક્ષમાપના, પણ સાચી ક્ષમાને માટે પહેલાં આજે ઘેર-ઘેર અને માનવીના મનમાં વ્યાપેલા ક્રોધને જાણવો જોઈએ. પહેલાં ક્રોધ કરવો અને પછી ક્ષમા માંગવી તે ક્ષમા નથી. આ ક્રોધને ભગવાન મહાવીરે ભભૂકતી આગ કહી છે. પુરાણોમાં નરકનું દ્વાર કહ્યું છે. 'કુરાન'માં ક્રોધને શેતાનનું સંતાન કહ્યો છે અને 'બાઈબલ'માં માણસમાત્રને ખાક કરનાર જ્વાળામુખી બતાવ્યો છે. મનમાં ક્રોધ આવતાં એ જુદી જુદી ચાર પ્રતિક્રિયાઓ દ્વારા પ્રગટ થાય છે. પહેલી પ્રતિક્રિયા આવેશની છે. જેમાં ઉંમર, સ્થિતિ કે ધનથી મોટી વ્યક્તિ નાની વ્યક્તિ પર ગુસ્સો કરતી હોય છે. સાસુ વહુ પર, ગુરુ શિષ્ય પર, પિતા પુત્ર પર. થોડી પ્રતિકૂળ બાબત થતાં આવેશમાં આવીને ગુસ્સો કરતા હોય છે. ક્રોધની બીજી પ્રતિક્રિયા છે ગૂંગળામણ. જ્યારે વ્યક્તિ પ્રગટપણે ક્રોધ કરવા સમર્થ ન હોય ત્યારે મનમાં ને મનમાં અકળાય છે અને વેરનો ડંખ રાખીને બદલો લેવાની તક શોધે છે. ત્રીજી પ્રતિક્રિયા રુદન છે. ક્રોધની આ અસહાય અવસ્થા છે. રોષ આવેશથી વ્યક્ત ન થાય, મનની અંદર ગૂંગળાઈ ન રહે, ત્યારે વ્યક્તિ રુદન કરતી હોય છે અને ક્રોધની ચોથી અવસ્થા છે શાન્ત્યાતિરેક. આ ચોથી અવસ્થા સજ્જનો અને મહાપુરુષોમાં નજરે પડે છે. તેઓ ક્રોધને શાંતિમાં બદલી નાંખે છે. તેમના હૈયે બદલો લેવાની ભાવના કે વૃત્તિ હોતી નથી. ઝેર ગટગટાવીને એ અમૃત આપતા હોય છે.

ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે એનો અર્થ જ એ કે ક્રોધ પોતે જ પોતાની જાતને હણતો હોય છે. ચંડકૌશિક સર્પ એના પૂર્વભવમાં કૌશિક નામે તાપસ હતો. એની વાડીનો કચ્ચરઘાણ કાઢી નાખનાર બાળકો પર એ ગુસ્સે થયો અને એ હાથમાં કુહાડો લઈને બાળકોને મારવા દોડયો. પણ વચ્ચે ખાડો આવ્યો. તાપસ કૌશિકે એ ખાડો જોયો નહીં અને પોતાનો કુહાડો પોતાના જ માથામાં વાગ્યો. ભગવાન મહાવીરના સાધનાકાળમાં આવી જ એક ઘટના બની હતી. તેઓ સમૃદ્ધ વૈશાલી નગરીમાં આવ્યા. ધ્યાનને માટે એમણે એક લુહારના નિર્જન ડહેલા પર પસંદગી ઉતારી. બીમાર લુહાર હવાફેર માટે બીજે રહેવા ગયો હતો. પરંતુ સંજોગવશાત્ બહારગામ ગયેલો લુહાર સાજો થઈને પાછો આવ્યો. એણે જોયું તો પોતાના મકાનમાં એક સાધુ જગ્યા જમાવીને બેઠો હતો. એણે મનમાં માન્યું કે નક્કી પોતાની ગેરહાજરીમાં જગ્યા પચાવી પાડી! 'સબ ભૂમિ ગોપાલકી' માનનારે આ ભૂમિ પણ પોતાની કરી લીધી.

એક તો લુહાર લાંબી બીમારીમાંથી ઊઠીને આવ્યો હતો, એનો સ્વભાવ થોડો ચીડિયો બની ગયો હતો. એમાં વળી ઘરમાં પગ મૂકતાં જ આવું બન્યું! આથી ક્રોધથી ધૂંવાપૂંવા થયેલાં લુહારે વજનદાર ઘણ ઉપાડ્યો. મનમાં થયું કે એવો જોરથી માથા પર લગાવું કે પળવારમાં સોએ સો વર્ષ પૂરાં થઈ જાય! કોઈએ લુહારને સમજાવવા તો કોઈએ અટકાવવા કોશિશ કરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુની હત્યાના મહાપાતકની યાદ આપી. પણ જેમ લુહારને શાંત કરવા પ્રયત્ન કરે, તેમ કમજોર લુહારનો ક્રોધ વધતો જાય. આખરે જીવ-સટોસટનો મામલો રચાઈ ગયો! લુહાર વજનદાર ઘણ ઉપાડીને વીંઝવા તૈયાર થયો. મહાવીર તો એમ ને એમ અડગ ઊભા હતા. ન ક્યાંય ભય, ન સહેજે કંપ. સમભાવપૂર્વક અચળ મેરુની જેમ ધ્યાનમાં મગ્ન હતા. યોગીની શાંતિએ લુહારને વધુ ઉશ્કેર્યો. એણે જોશથી ઘણ વીંઝ્યો. હમણાં ઘણ વાગશે, યોગીની કાયા ઢળી પડશે!

પણ આ શું?

ક્રોધથી ધૂંધવાતા અને ધ્રૂજતા હાથે લુહાર ઘણ વીંઝવા ગયો. દાઝ એટલી હતી કે અહીં અને અબઘડી જ આને ખતમ કરી નાખું. ઘણ ઊંચકીને વીંઝવા ગયો ત્યાં જ લુહારનો હાથ છટક્યો. ઘણ સામે વીંઝાવાને બદલે પાછો પડ્યો. યોગીના મસ્તકને બદલે લુહારના મસ્તક પર ઝીંકાયો. બીમારીમાંથી માંડ બચેલો લુહાર તત્કાળ ક્રોધનો કોળિયો બની ગયો. બીજાનો નાશ કરવા જનાર ક્રોધી પોતાનો વિનાશ કરી બેઠો! ધ્યાનસ્થ મહાવીર તો એમ ને એમ અડગ ઊભા હતા!

વ્યક્તિને પોતાને ક્રોધ હાનિ કરે છે. માનવી ક્રોધ કરે ત્યારે કેવો વિકૃત થઈ જાય છે! આંખો પહોળી થઈને અંગારા વરસાવવા લાગે છે. કોઈ થપ્પડ લગાવી દે છે તો કોઈ અપશબ્દો બોલવા માંડે છે. આમ ક્રોધ કરનાર સામી વ્યક્તિને જ નહીં પરંતુ સમગ્ર વાતાવરણને કલુષિત કરી નાંખે છે, આથી જ શેક્સપિયરે ક્રોધને સમુદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો કહ્યો છે, પરંતુ સંત તિરુવલ્લુવર કહે છે કે આગની પાસે જે જાય તેને આગ બાળે છે. પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને બાળી મૂકે છે. આમ ક્રોધમાં માણસની આંખ બંધ થઈ જાય છે અને એનું મોઢું ઉઘાડું રહી જાય છે. એ વિવેકને ચિત્તમાંથી હાંકી કાઢે છે અને દરવાજે એવો આગળો મારે છે કે વિવેક ફરી પાછો દાખલ થઈ શકે નહીં. આવો ક્રોધ એ મધપૂડામાં પથ્થર મારવા જેવો છે અને એ તરત જ વેરમાં પલટાઈ જાય છે.

ક્રોધ ત્યારે જ ઓછો થાય કે જ્યારે વ્યક્તિ આત્મદર્શી બને. આનું કારણ એ છે કે ક્રોધનું શસ્ત્ર પહેલાં તો ક્રોધને જ ઘાયલ કરે છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ઊકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય તેમ ક્રોધી માણસ એ જોઈ શકતો નથી કે તેનું હિત શેમાં છે.

ક્રોધ વિભાવ છે, ક્ષમા સ્વભાવ છે. ક્રોધ દ્વેષ છે, ક્ષમા મૈત્રી છે. ક્રોધ મારક છે, ક્ષમા તારક છે. આ ક્ષમાના અમૃતથી આત્માનો અભિષેક કરવાથી દુરાગ્રહ, વિગ્રહ, વિદ્વેષ, દ્રોહ આદિ આઘાત ઓગળી જાય છે. જો ક્રોધને વધુ જમાવી રાખવામાં આવે તો તે વેરનું રૂપ લે છે, અને વેર એ તો ભવોભવ સુધી માનવીને ક્રોધમાં રાખે છે, વેરમાં વિગ્રહ છે, અવેરમાં નિગ્રહ છે. વેરમાં વિનાશ છે, જ્યારે અવેરમાં વિકાસ છે. વેરમાં વાંધો છે તો અવેરમાં સાંધો છે. વેરમાં વિષમતા છે તો અવેરમાં સમતા છે. વેરમાં વકીલાત છે, જ્યારે અવેરમાં કબૂલાત છે. વેર વિકૃતિ છે તો અવેર સંસ્કૃતિ છે. વેર વમળ છે, જ્યારે અવેર કમળ છે. અને આ વેરમાં વિષ ઉતારવાનો અમર મંત્ર તે ક્ષમાપના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ

# ડબલ ડી-ડી સાબુ

તથા

# ૯૦૯ જૈન સાબુ વાપરો

❀

: ઉત્પાદક :

**નિરવ સોપ ફેક્ટરી**

*પ્રેસ રોડ, એલ. પી. હાઈસ્કૂલવાળો ખાંચો,*
*ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૫૧૬૬૪૬*

❀

સેલ્સ ડીપો :

**લક્ષ્મી સાબુ ભંડાર**

ગોળ બજાર, ભાવનગર ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દંભ અને અસત્યને પણ સત્યનો ચહેરો લગાવીને નીકળવું પડે છે

—મહેન્દ્ર પુનાતર

સ્વયંને ઓળખ્યા વગર સિદ્ધિ નથી. જે માણસ પોતાની જાતને ઓળખે છે તે સમગ્ર જગતને-વિરાટને ઓળખી શકે છે. સ્વયંને ઓળખવાનું, અંતરમાં ડોકિયું કરવાનું અને પારદર્શક બનવાનું એટલું આસાન અને સરળ નથી કારણ કે, આપણે અનેક જાતના મુખવટા પહેરેલા છે. એમાં અસલી ચહેરો અદશ્ય થઈ ગયો છે. સ્વયંને ઓળખવામાં બાધારૂપ આપણો અહંકાર છે. કેટલીક વખત આ અહંકાર એટલો સૂક્ષ્મ હોય છે કે, તે બહાર દેખાતો નથી. તેની પર પણ એક બીજો વિનમ્રતાનો ચહેરો ઓઢાડેલો હોય છે. કોઈ માણસ એકદમ વિનમ્ર દેખાતો હોય એટલે અહંકારરહિત હોવાનું માની લેવાનું કોઈ કારણ નથી. ધાર્મિક માણસો અંદરખાને અધાર્મિક, સત્યવાદી દેખાતા માણસો જુઠ્ઠા, ફરેબી, શાંત દેખાતા માણસો અંદરથી ક્રોધી અને સરળ દેખાતા માણસો અટપટા ન સમજી શકાય એવા માલુમ પડે છે, કારણ કે, અસલી ચહેરો ખોવાઈ ગયો છે. માણસ ગમે તેટલાં ચહેરા બદલે પણ તેનો મૂળભૂત સ્વભાવ એક યા બીજારૂપે પ્રગટ થયા વગર રહેતો નથી. ભારેલા અગ્નિ જેવી આ પરિસ્થિતિ છે. હવાનો એક ઝપાટો અગ્નિને તત્કાલ પ્રગટ કરી દે છે. અહંકારને જ્યારે ચોટ લાગે છે ત્યારે તે પ્રગટ થઈ જાય છે.

સ્વયંની સચ્ચાઈને છુપાવવામાં માણસ ખૂબ જ કુશળ છે. એટલે માણસ જેવો છે તેવો દેખાતો નથી. માણસ પોતાની જાતને છુપાવવામાં જેટલો કુશળ અને ચાલાક એટલો એ દંભી જણાય છે. દંભ અને દિખાવટ આજના સમયની મોટી બીમારી છે. ભલભલા લોકો તેનો ભોગ બન્યા છે અને ખુવાર પણ થયા છે. દંભી માણસો અહંકારથી ભરેલા હોય છે. આ દંભના ફુગ્ગામાં જરા ટાંચણી ભોંકાય કે તુરત માણસ હલબલી ઊઠે છે. માણસનો પોતાનો નિજ સ્વભાવ અને પ્રકૃતિ છે તે જન્મથી મૃત્યુ સુધી સાથે રહે છે તેને બદલવાનો કે તેના પર મહોરું લગાવવાનો પ્રયાસ વ્યર્થ છે. માણસ સ્વાભાવિક રીતે જેવો છે તેવો દેખાય તો પરિવર્તનને અવકાશ છે. પરંતુ, દંભનો ચહેરો લાગી જાય પછી તેને બદલવાનું બહુ મુશ્કેલ છે.

સ્વયંને બનાવવાનું, છેતરવાનું બહુ સરળ છે એમાં પકડાવાની કોઈ બીક નથી. સમાજમાં દંભી માણસો અને પોતાની જાતને છેતરનારાઓ અને પોતાનો અસલી ચહેરો કુશળતાથી છુપાવી રાખવામાં સફળ માણસો સન્માનને પાત્ર બની જાય છે. તેઓ પ્રશંસા અને વાહવાહ મેળવે છે. પરંતુ, આત્મક્રાંતિ થતી નથી. આ નકલી ચહેરો વહેલો કે મોડો ઉખડવાનો છે ત્યારે આ પ્રકારના માણસો ખૂબ જ દુ:ખી અને લાચાર બની જાય છે. જે કાંઈ સ્વયં પોતાનું હોતું નથી તે લાંબા સમય સુધી ટકતું નથી. બહારથી સાજો સારો દેખાતો માણસ નિરોગી છે એમ કહી શકાય નહીં. જ્યાં સુધી અંદરની સચ્ચાઈને પકડવામાં ન આવે ત્યાં સુધી સાચું નિદાન થતું નથી. માણસ જેવો છે તેવો યથાર્થપણે સ્વીકારી લે તો તેનું રૂપાંતરણ જલદીથી થઈ શકે છે.

માણસ પોતે જે કાંઈ છે તેના કરતાં વિશેષ દેખાવાનો પ્રયાસ કરે છે અને પોતાની જાતને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા કરતાં ચડિયાતી માની બેસે છે ત્યારે તેને સાચી વાત સમજાતી નથી. તે પોતાની નબળાઈ, કરૂપતા અને દોષોને જોઈ શકતો નથી એટલે સત્ય તેનાથી દૂર રહી જાય છે અને અસત્ય તેના ટેકામાં આવીને ઊભું રહી જાય છે. આ દંભી અસત્યને પણ સત્યનો ચહેરો લગાવીને નીકળવું પડે છે.

માણસ બે રીતે મોટો બની શકે છે એક તો સ્વયં શક્તિ અને સામર્થ્ય મેળવીને વિકસાવીને અને બીજો રસ્તો છે બીજાને નાના બનાવીને. પ્રથમ રસ્તો મુશ્કેલ છે એમાં ઘણો સમય લાગે છે પરંતુ બીજો રસ્તો આસાન. બહુધા માણસો બીજાને નાના બનાવીને મોટા બનતા હોય છે. આમાં તેના અહંકારને મોકળું મેદાન મળે છે. માણસ બીજાના નાનકડા રાઈ જેવડા દોષોને પર્વત જેવા બનાવી દે છે. એટલે પોતાના મોટો દોષો ઢંકાઈ જવાનો અહેસાસ અનુભવી શકે છે. આપણામાં રહેલી ઊણપમાંથી બચવાના બે ઉપાયો છે એક તો ઊણપને દૂર કરવી અથવા તો માની લેવું કે બીજા આપણા કરતા વધુ ખરાબ છે. પીડા દૂર થઈ જશે. આમાં કાંઈ કરવાનું નથી માત્ર માની લેવાનું છે. પરંતુ, આ રસ્તો આત્મક્રાંતિનો નથી પણ આત્મઘાતી છે.

સ્વયંને જાણ્યા વગર કોઈ સિદ્ધ બની શકે નહીં. આપણે બીજા પર ગમે તેટલાં વિજય મેળવીએ પરંતુ જાત પર વિજય મેળવ્યો નથી ત્યાં સુધી બધું વ્યર્થ છે. જાત પર વિજય મેળવે છે તે જ સાચો સમ્રાટ છે.

જીવનના બધા કામો યોગ્ય સમયે કરી નાખવાના હોય છે. સમય કોઈના હાથમાં રહેતો નથી. પ્રભુભક્તિ માટે પણ માણસ વિચારે છે હમણાં કયાં સમય છે, નિવૃત્ત થશું ત્યારે એ જ કરવાનું છે ને? પરંતુ માણસના જીવનમાં કાલ કદી આવતી નથી. કોઈ પણ સારું કામ કરવું હોય તો આજ કરી લેવું જોઈએ. સારાઈનો ભલાઈનો શુભ વિચાર આવે તો કાલની રાહ જોવાની જરૂર નથી. આજ ક્ષણ મહત્વની છે. આવતી કાલની આપણે જે વાત કરીએ છીએ તે આજ બનીને આવવાની છે. આજની વ્યથા, આજનો આનંદ અને આજનો ભાવ કાલ પર ઠેલી શકાય નહીં. આજે જે કરવાનો અવસર છે તે કાલે આવવાનો નથી. કાલનો જે અવસર હશે તે એકદમ નવો હશે. આજના કરતાં ભિન્ન અને અલગ હશે. ગઈ કાલ જે વીતી જાય છે તે સમયની કાળની ગતિમાં વિલીન થઈ જાય છે.

પ્રતિક્ષણ જગત બદલાયા કરે છે.

પરિસ્થિતિ પલટાયા કરે છે. માણસે વર્તમાન સાથે ચાલવાનું છે. તેમાં ભૂતકાળ કે ભવિષ્ય કશું કામ આવે તેવું નથી. જે થઈ ગયું છે તે ભૂલી જવાનું છે અને જે થવાનું છે તેની કોઈને કશી ખબર નથી તેથી નાહકની કલ્પના કરીને સુખી કે દુઃખી થવાનું કોઈ કારણ નથી. મોટાભાગના માણસો આજે જે કરવાનું છે તે આવતી કાલ પર છોડી દે છે અને ગઈકાલ જે વીતી ગઈ છે ત્યારે જે કરવાનું હતું તે આજે કરે છે. સમયની રફતારમાં મનુષ્યની ગતિ ધીમી છે એટલે અસંતુલન ઊભું થાય છે અને માણસ ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ભીંસાયા કરે છે.

જિંદગીમાં તત્કાળ ભય ઊભો થાય છે ત્યારે માણસ સભાન અને જાગૃત બની જાય છે. જાતને બચાવવા માટે છલાંગ મારે છે, ઊંચેથી નીચે ભૂસકો મારે છે. આગમાંથી, પાણીમાંથી બહાર નીકળી જાય છે ત્યારે માણસ વિચારતો નથી કે બચવા માટે આજે અત્યારે છલાંગ મારવાની જરૂર નથી. કાલે ફુરસદે છલાંગ મારી લઈશું. અસ્તિત્વ સામે જ્યારે ભય ઊભો થાય છે ત્યારે ઉંદર પણ પાંજરામાંથી બહાર નીકળવા પોતાની તમામ તાકાત કામે લગાડી દે છે. કુદરતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતના તમામ પ્રાણીઓને આવી આંતરિક શક્તિ આપી છે. માણસ તો વિચારશીલ પ્રાણી છે. તેણે હરપળે સાવધ રહેવાનું છે. જાગૃત રહેવાનું છે. જીવનમાં જે કાંઈ ક્રાંતિ ઘટવાની છે પરિવર્તન આકાર લેવાનું છે તે આજે જ થશે, કાલ તેને માટે હોતી નથી. પ્રભુભક્તિ અને સત્કૃત્યો કરવા માટે, ભલાઈના, સારાઈના માર્ગે જવા માટે આવતી કાલની રાહ જોવાની જરૂર નથી. કાલ આવશે ત્યારે માણસ આજે છે તેના કરતાં વધુ કમજોર બની ગયો હશે. આજે જે કામ, ક્રોધ, ઘૃણા અને જલન છે તે કાલે વધુ માત્રામાં હશે. સમયની સાથે શક્તિઓ ક્ષીણ થતી જાય છે અને દુર્ગુણોની જડ વધુ મજબૂત થતી જાય છે. ક્રોધ અને અહંકાર આજે જો જીતી ન શકાય તો આવતી કાલે તેના પર વિજય મેળવવાનું વધુ કઠિન બનશે. મનુષ્યના જીવનની ક્ષણેક્ષણ મહત્વની છે. જે સમય વીતી જાય છે તે પાછો કદી પકડી શકાતો નથી.

*(મુંબઈ સમાચાર તા. ૧૭-૫-૯૮ના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

*(રજુઆત : મુકેશ એ. સરવૈયા)*





શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુર્ગુણોને દફનાવીએ

એકવાર મહાત્મા બુદ્ધના શિષ્યોમાં ચર્ચા ચાલી. સુરા, સુંદરી અને સંપત્તિ. (Wealth, Woman & Wine) એ ત્રણમાંથી માનવીનું ઝટ પતન કોણ કરે છે ?

દલીલબાજીમાં માથા તેટલા મત થયા. સંતોષકારક ઉકેલ કોઈને ન જડ્યો. છેવટે સૌ મહાત્મા બુદ્ધ પાસે ગયા અને નમ્રતાપૂર્વક ઉકેલ માગ્યો.

તથાગતે કહ્યું, ''એક સૂકા ને સાજા તુંબડાને સરોવર કે નદીના પાણીમાં ડૂબવાનો ભય ખરો?'' સૌએ કહ્યું, ''ના.''

''અને જો તેમાં એક કાણું પાડો તો?''

''ડૂબી જાય ભગવન્!''

''એ કાણું ગમે ત્યાં....ઉપર નીચે કે બાજુમાં પાડો તોય ડૂબી જાય, ખરૂંને ?''
''હા, ભગવન્!''

તો પછી સુરા હોય....સુંદરી હોય....કે સંપત્તિ હોય....એ છે તો માનવીને ડૂબાડી દેનારા કાણાં જ. ગમે તે એક હોય તોય ડૂબાડે ને બધા હોય તોય ડૂબાડે.

જીવનમાં પણ નાનકડો દુર્ગુણ કે દૂષણ ઘૂસ્યું કે આત્મા ભવસાગરમાં ડૂબવાનો જ માટે ભવસાગર તરવો જ હોય તો વિચાર, વાણી ને વર્તન સારું રાખો. દુર્ગુણનું એક પણ કાણું કયાંય ન પડે એની સતત જાગૃતિ રાખવી જોઈએ.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્યુષણ પર્વની આરાધના કેમ કરશો ?

● *સંકલન : શ્રી દિવ્યકાંત સલોત* ●

જૈન ધર્મ જણાવે છે કે પર્વના દિવસોનો ઉપયોગ મોક્ષ પ્રાપ્તિમાં નિમિત્તભૂત એવા જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની વિશેષ આરાધના અર્થે જ કરવો જોઈએ. એટલે કે પર્વના દિવસોમાં પોસહ વિગેરે ધાર્મિક અનુષ્ઠાનો કરવા, બ્રહ્મચર્યનું પાલન કરવું, જીવન નિર્વાહ અર્થે કરવામાં આવતી હિંસક પ્રવૃત્તિ છોડી દેવી અને તપનું આરાધન વિશેષ પ્રમાણમાં કરવું.

શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૪ સુધીના આઠ દિવસોને પર્યુષણ પર્વ કહેવામાં આવે છે. તેનો મહિમા સર્વે પર્વો કરતાં અધિક હોવાથી તે પર્વાધિરાજ લેખાય છે. આથી આ દિવસોમાં ધર્મારાધનાનું અપૂર્વ વાતાવરણ ખડું થઈ જાય છે. આ પર્યુષણ પર્વના દિવસોમાં સામાન્ય રીતે જે કર્તવ્યોનો ઉપદેશ છે તે ઉપરાંત આ પર્વમાં પાંચ વસ્તુઓ અધિક કરવાની હોય છે. જેમાં :

(૧) અમારિ પડહની ઉદ્‌ઘોષણા
(૨) સાધર્મિક વાત્સલ્ય
(૩) પરસ્પર ક્ષમાપના
(૪) અઠ્ઠમ તપ
(૫) ચૈત્ય પરિપાટી

**(૧) અમારિ :** અમારિ એટલે કોઈ જીવને ન મારવો તે. તેના પડહની ઉદ્‌ઘોષણા એટલે ''હે લોકો, તમે કોઈ પણ જીવને હણશો નહિ....હણશો નહિ....'' સંપ્રતિ રાજાએ આ પર્વને વિષે પોતાના આખા રાજ્યમાં અમારિ-ઉદ્‌ઘોષણા કરાવી હતી. કુમારપાળ મહારાજાએ પણ પોતાના અઢાર દેશમાં અમારિ પ્રવર્તાવી હતી અને મોગલ જમાનામાં પરમ પ્રભાવક શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અકબર બાદશાહે પણ અમારિ પ્રવર્તાવી હતી.

**(૨) સાધર્મિક વાત્સલ્ય :** શાસ્ત્રકારો કહે છે કે કદિ વર્ષભરમાં ન બન્યું હોય તો પણ આ દિવસોમાં સાધર્મિક-વાત્સલ્ય તો અવશ્ય કરવું. કારણ કે સાધર્મિકોનો યોગ ફરી-ફરીને મળતો નથી. ભરત મહારાજા, નરદેવ, દંડવીર્ય તથા કુમારપાળ મહારાજા વિગેરેએ આ બાબતમાં ઉત્તમ દાખલાઓ પુરા પાડેલા છે. કુમારપાળ મહારાજાએ દરિદ્રાવસ્થાવાળા પોતાના સાધર્મિક-ભાઈઓનો ઉત્કર્ષ કરવા માટે દર વર્ષે એક કરોડનો સદ્‌વ્યય કર્યો હતો.

**(૩) પરસ્પર ક્ષમાપના :** પરસ્પર ક્ષમાપના કરવી એટલે એકબીજાની ભૂલોને માફ કરવી અને એ વાત પોતાના હૃદયમાંથી કાઢી નાંખવી. જો આ દિવસોમાં પરસ્પર ક્ષમાપના ન કરવામાં આવે તો અનંતાનુબંધી કષાયની કોટિમાં જવાય કે જે સમ્યક્ત્વ ગુણનો મૂળમાંથી નાશ કરનારો છે.

સગા-વ્હાલા કે સંબંધીઓને ખમાવીએ અને જેના પ્રત્યે કંઈ પણ અપરાધ-ભૂલ કરેલ હોય તો તેને ન ખમાવીએ તો એ ક્ષમાપના અધૂરી ગણાય. કદી સામી વ્યક્તિ આપણા પ્રત્યે ક્ષમા ન પણ દર્શાવે તો પણ આપણે ક્ષમા કરવી જોઈએ. મૃગાવતી અને ચંદનબાળાએ પરસ્પર જે રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષમાપના કરી તે રીતે સહુએ પવિત્ર અને નિખાલસ હૃદયે ક્ષમાપના કરવી જોઈએ.

**(૪) અઠ્ઠમ તપ :** શાસ્ત્રકારો કહે છે કે પક્ખી અંગે એક ઉપવાસ-ચઉમ્માસી અંગે છઠ્ઠ અને સંવત્સરી પર્વ અંગે એક અઠ્ઠમ અવશ્ય કરવો. કોઈ કારણસર અઠ્ઠમ ન થઈ શકે તો છ આયંબિલ અથવા નવ નિવિ અથવા બાર એકાસણાં અથવા સાઈઠ નવકારવાળી ગણીને તપ પુરો કરવો જોઈએ. અઠ્ઠમ તપના પ્રભાવે નાગકેતુ આજ ભવમાં પ્રત્યક્ષ ફળ પામ્યો હતો, પણ આવા તપ નિઃશલ્ય થઈને કરવું જોઈએ. તો જ ફલદાયી બને છે.

**(૫) ચૈત્ય પરિપાટી :** ચૈત્ય પરિપાટી એટલે ગામમાં રહેલા સર્વે જિનમંદિરોએ મહોત્સવપૂર્વક દર્શન કરવા જવું. શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં દર્શને જવાનો માત્ર વિચાર કરવાથી પણ ઉપવાસનું ફળ મળે છે તો ત્યાં જઈને વિધિપૂર્વક દર્શન કરતાં કેટલું ફળ મળે?

આ ઉપરાંત કલ્પસૂત્રનું શ્રવણ, સંઘપૂજા, રથયાત્રા, સ્નાત્રમહોત્સવ, દેવદ્રવ્યની વૃદ્ધિ, મહાપૂજા, રાત્રિ જાગરણ, શ્રુતપૂજા, તીર્થ પ્રભાવના વિગેરે પણ કરવા જરૂરી છે. એકંદરે આ પર્વમાં-તપની આરાધનાઓ ઘણી થાય છે, પણ સાથો સાથ પર્વની યથાર્થ ઉજવણી કર્યા વિના પણ ધર્મનો રંગ ચડતો નથી.

આથી જેના જીવનમાંથી પર્વની આરાધનાની ઉજવણી ગઈ તેના જીવનમાંથી ધર્મ ગયો અને ધર્મ ગયો એટલે બાકી કંઈ પણ ન રહ્યું. આથી સંસ્કૃતિ-કુળનો જે પૂરો પ્રકાશ પામ્યો છે. તેવા સંસ્કૃત માનવીઓએ પર્યુષણપર્વનું આરાધન અવશ્ય કરવું અને તેનાથી આત્માને ઉજ્જવળ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. પર્યુષણપર્વની અનન્ય મને ખરા ભાવથી આરાધના કરે છે તે ભવ્યાત્માઓ આ જગતના સર્વ સુખો પામીને મોક્ષની પ્રાપ્તિ કરે છે.

સર્વેનું શુભ થાઓ—સર્વે કલ્યાણને પામો.

*

Trade Mark No. 750822 Copy Right No. 56029/99

શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર

વિજયનો **જૈનસાબુ** વાપરો

અધિકૃત વિક્રેતા :

**વિજય એજન્સી**

✆ : 426728

**વિજય સેલ્સ કોર્પોરેશન**

✆ : 516782

ઉત્પાદક :

**વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ**

મોતી તળાવ રોડ, કુંભારવાડા,

ભાવનગર-૩૬૪૦૦૬

✆ (O) 51 04 61 (R) 56 22 86

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
## પ.પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

**(હપ્તો ૨૦મો)** **(ગુરુવાણી ભાગ-૨માંથી સાભાર....)**

મંત્રી ચાચિકને ઘણું સમજાવે છે કે તારો પુત્ર મહાન્ થશે. પણ ચાચિક ગુસ્સામાં છે કોઈપણ રીતે પોતાના પુત્રને ઘેર લઈ જવો છે. હવે ઉદયનમંત્રી કહે છે કે આ સામે ત્રણ ઓરડા છે. ત્રણે ઓરડા રત્નો-હીરા-માણેકથી ભરેલા છે. આ ત્રણમાંથી તારે જે જોઈએ તે લઈ જા. ઉપરાંત મારા ત્રણ પુત્રો છે એ ત્રણમાંથી પણ તારે જે પુત્ર જોઈએ તે લઈ જા. આ સાંભળતા ચાચિકને પોતાના પુત્રની મહત્તાનો ખ્યાલ આવ્યો. તે થોડો ઠંડો પડ્યો. મંત્રીને કહે છે કે હું મારા પુત્રને વેચવા માટે નથી આવ્યો. જાઓ હું રાજીખુશીથી રજા આપું છું. પછી ઉદયનમંત્રી જ તેમનો દીક્ષા મહોત્સવ કરે છે. પ્રબંધચિન્તામણિમાં બીજી પણ વાત આવે છે કે હેમચંદ્રસૂરિ મહારાજની દીક્ષા કર્ણાવતી (અમદાવાદ)માં થયેલી. સિદ્ધરાજના પિતા કર્ણરાજાએ કર્ણેશ્વર મહાદેવનું મંદિર તથા કર્ણસાગર નામનું તળાવ બંધાવેલું અને તેના પરથી કર્ણાવતી નામની નગરી વસી. તેમાં પૂ. હેમચંદ્રસૂ. મ.ની દીક્ષા આ પ્રબંધચિંતામણિમાં છે. આપણને આ કલિકાલ સર્વજ્ઞ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરિ મહારાજની ભેટ મળી. એમના ગ્રંથોનું વાંચન કરીએ ત્યારે એમ થઈ જાય કે આ સાક્ષાત્ સરસ્વતી છે કે શું?

આ આચાર્ય ભગવંત એકવાર ખંભાતમાં બિરાજમાન છે. ખંભાતમાં તેઓ ગ્રંથો લખવાનું કામ કરી રહ્યા છે. તાડપત્રો પર ગ્રંથો લખાવે છે. તે સમયે કુમારપાળ મહારાજા સિદ્ધરાજથી ભાગતા ફરતા હતા. નાસીને તે ખંભાતમાં આવે છે અને ઉપાશ્રયમાં આચાર્ય ભગવંત પાસે જાય છે. આચાર્ય મહારાજ વિચારે છે કે ભવિષ્યમાં આ રાજા થવાનો છે તેથી શાસનને ઘણો ઉપયોગી નીવડશે એમ સમજીને આશ્રય આપે છે. ત્યાં જ સિદ્ધરાજના માણસોને ગંધ આવી જાય છે કે કુમારપાળ ઉપાશ્રયમાં છે. તેથી તેઓ તરત જ આચાર્ય મહારાજ પાસે આવે છે. આચાર્ય મહારાજને ખબર પડતાં તેઓ કુમારપાળને ભોયરામાં તાડપત્રોના ઢગલાની નીચે સંતાડી દે છે. માણસો આવીને આચાર્ય મહારાજને પૂછે છે. સમયસૂચકતા વાપરીને આચાર્ય મહારાજ એક તાડપત્રના ટુકડા પર કુમારપાળનું નામ લખીને બતાવે છે કે કુમારપાળ તો તાડપત્રમાં છે. આ રીતે કુમારપાળને બચાવી લે છે અને સિદ્ધરાજના જ મહામંત્રી ઉદયનને સોંપે છે. પોતાના રાજાના દ્રોહીને ઘરમાં સંઘરવો કેટલું કપરું છે. સિદ્ધરાજને ખબર પડે તો તેમનું આવી જ બને ને! છતાં પણ આચાર્ય ભગવંતના આદેશથી તેને સાચવે છે. આમ રખડતા-રખડતા કુમારપાળ મહારાજા ૫૦ વર્ષની ઉંમરે ગાદીએ આવે છે. એક રખડું માણસ ગાદી પર આવ્યો છે એમ સમજીને બીજા રાજાઓ તેની સામે માથું ઉંચકવા લાગ્યા. તેથી તે બધાને તાબે કરવામાં ૧૬ વર્ષ તેમના ચાલ્યા ગયા. આ બધા કામમાં તેઓ પોતાના મહાઉપકારી આચાર્ય મહારાજને ભૂલી ગયા. આચાર્ય મહારાજ પાટણમાં પધાર્યા છે. તેમણે મંત્રીને પૂછ્યું કે કુમારપાળ મને યાદ કરે છે કે નહિ? મંત્રી કહે ના સાહેબ, કયારેય યાદ કરતા નથી. બીજા દિવસે આચાર્ય મહારાજે મંત્રી દ્વારા કહેવરાવ્યું કે આજે તું જે રાણીના મહેલે સુવા જવાનો છે ત્યાં ન જઈશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળે વિચાર્યું કે આ મહાપુરુષે કહ્યું છે માટે તેમાં કંઈક રહસ્ય જરૂર હશે. તે સુવા ગયા નહીં. તે જ રાત્રે તે મહેલ પર વીજળી પડી. રાણી વગેરે બળીને સ્વાહા થઈ ગયા. કુમારપાળે વિચાર્યું કે અહો આ મહાપુરુષે મને જીવતદાન આપ્યું. સંત તરફ બહુમાન જાગ્યું અને તે આચાર્ય મહારાજના દર્શનાર્થે આવ્યા. ધીમે ધીમે બન્ને વચ્ચે પરિચય ગાઢ બન્યો. આચાર્ય ભગવાનના વચનામૃતના પાનથી તેમને પદાર્થોની વિનશ્વરતા સમજાઈ. આવા માણસો કર્મેશૂરા અને ધર્મેશૂરા હોય છે. સાચી સમજણ આવ્યા પછી એવા હઠાગ્રહી બની જાય છે કે તેઓ પ્રાણાન્તે પણ પોતાના નિયમોને છોડતા નથી. આચાર્ય ભગવંતે મર્યાદામાં રહીને તેમને ૧૨ વ્રતો લેવડાવ્યા. આવા ૧૮ દેશના માલિકને વ્રતો સ્વીકારવાં કેટલાં દુષ્કર છે. તમે દેશ નહીં, ગામ નહીં, શેરી નહીં પણ ફક્ત તમારા ઘરના રાજા છો છતાં એકપણ નિયમ કે વ્રત સ્વીકારી શકો છો? અરે ગુટકા નહીં ખાવા, આટલો નાનકડો નિયમ તે પણ તમારા આરોગ્યને માટે જીવનને માટે લાભદાયી, અમને તો કંઈ લેવા દેવા નહીં છતાં પણ તમે લેવા તૈયાર થાઓ ખરા! કુમારપાળ મહારાજા જ્યારે નાણ સમક્ષ વ્રત લેવા તૈયાર થયા ત્યારે લાખોની મેદની હાજર છે. આવા મહારાજા વ્રત લે એ પ્રસંગ કેટલો ભવ્ય હશે? વ્રત ઉચ્ચરતી વખતે કુમારપાળ રાજા ધ્રૂસકે-ધ્રૂસકે રડે છે. લોકો પૂછે છે કે મહારાજા આપ કેમ રડો છો? ત્યારે આ મહારાજાએ શું કહ્યું જાણવો છે જવાબ? તેમણે કહ્યું કે મારા ૭૦ વર્ષ પાણીમાં ગયા. આવા સુંદર વ્રતો હોવા છતાં મેં સ્વીકાર્યા નહીં. વળી બીજી બાજુ હર્ષના પણ આસું આવે છે કે આટલા વર્ષે પણ મારા હાથમાં આ અમૂલ્ય ચીજ આવી. આપણને કોઈ દિવસ રડવું આવે છે ખરું? અરે! રડવાની વાત તો બાજુએ રહી પણ ચિત્તમાં ક્યારેય પશ્ચાતાપ થાય છે ખરો? ના, આપણે તો એક નાનકડો નિયમ લેવાયે તૈયાર નથી....

કુમારપાળ મહારાજાએ પોતાના અઢારે દેશોમાં અહિંસાનો પ્રચાર કર્યો. ચારે બાજુથી અહિંસા બંધ કરાવી. એ સમયે નોરતાના દિવસો આવ્યા. રાજ્યના મંદિરમાં સાતમના સાતસો, આઠમના આઠસો અને નોમના નવસો પશુઓનો ભોગ ધરવામાં આવતો. મંદિર રાજ્યનું હતું તેથી કુમારપાળે પશુઓ આપવાના હતા. કુમારપાળ મહારાજાએ કહી દીધું કે એકપણ જીવનો ભોગ ધરવામાં આવશે નહિ. તેથી પ્રજામાં ખૂબ વિરોધ ઉભો થયો. લોકોએ કહ્યું કે જો ભોગ આપવામાં નહીં આવે તો દેવી કોપાયમાન થશે. પ્રજા અને રાજા બન્ને પાયમાલ થઈ જશે. પરંતુ મહારાજા અડગ રહ્યા. પ્રજાને કહ્યું કે ભોગ માતાને નથી જોઈતો ભોગ તો તમારે જોઈએ છે. હવેથી આ ભોગ બંધ કરવામાં આવે છે. રાત્રિનો સમય થયો. જે દેવીને ભોગ આપવામાં આવતો તે કંટકેશ્વરી દેવી મહારાજા પાસે આવી અને કહ્યું કે મારો ભોગ આપ, નહીં આપે તો તું ખેદાન-મેદાન થઈ જઈશ. છતાં પણ મહારાજા અડગ રહ્યા. દેવીએ કોપાયમાન થઈને ત્રિશૂળ ફેંક્યુ. ત્રિશૂળ વાગ્યું અને તેથી કુમારપાળ મહારાજાને આખા શરીરે કોઢ રોગ વ્યાપી ગયો. દેવી અદશ્ય થયા, કુમારપાળ વિચારે છે કે સવારે પ્રજામાં વાત ફેલાશે તો અહિંસા ધર્મની ખૂબ જ ટીકા થશે. શાસનની હેલના થશે. આના કરતાં મારા પ્રાણની આહુતિ આપી દઉં. તેઓ તૈયાર થયા. મંત્રીશ્વરને બોલાવે છે. મંત્રીશ્વર આવીને કહે છે કે પહેલાં ગુરુમહારાજ પાસે ચાલો. પછી બધી વાત. બન્ને જણ રાત્રિએ ગુરુમહારાજ પાસે આવે છે ઉપાશ્રયમાં દાખલ થતાં જ કોઈ સ્ત્રીના રડવાનો અવાજ આવે છે. કુમારપાળ ચમક્યા. અત્યારે ઉપાશ્રયમાં સ્ત્રી કયાંથી? આચાર્ય ભગવંત પૂછે છે. આચાર્ય ભગવંત કહે છે કે કુમારપાળ તને કોઢ રોગ આપનાર દેવીને મેં બાંધી છે માટે તેણી છૂટવા માટે રડે છે. ત્રણે જણ દેવી પાસે આવે છે, દેવીને કહે છે કે તું પ્રતિજ્ઞા કર કે હવેથી હું ભોગ નહીં લઉં, તેમજ રાજ્યમાં પણ ક્યાંય હિંસા થશે તો હું તેમને ખબર આપીશ. *(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાનશેરી

એક ગામમાં એક સજ્જન રહેતા હતા. દાન કરવામાં તેમનો હાથ હંમેશાં ઊંચો રહેતો પરંતુ તે હંમેશાં નીચું માથું રાખીને દાન કરતા. કોણ દાન લઈ જાય છે એ કદી જોતા પણ નહીં.

આ જોઈને એક દિવસ એક માણસે પૂછ્યું : ''તમે હંમેશાં દાન કરો છો, પરંતુ દાન આપતી વખતે તમે નીચું માથું શા માટે રાખો છો? તમારી નજર નીચે જમીન તરફ રહેવાથી તમે કોને દાન આપો છો એ તમે જોઈ શકતા નથી. તેથી કેટલાક લુચ્ચા લોકો તમારી આવી વિચિત્ર રીતનો લાભ ઉઠાવી બબ્બે વાર દાન લઈ જાય છે!''

પેલા સજ્જન માણસ શાંત અવાજે બોલ્યા : ''ભાઈ, હું દાન આપનાર કોણ? આ બધું દાન આપવાવાળો તો ભગવાન છે. હું તો માત્ર એનો દાસ છું. એના હુકમ અનુસાર હું સૌને દાન આપું છું. પણ લોકો તો એમ માને છે કે, હું બહુ મોટો દાનેશરી છું! આ જાણીને મને ખૂબ શરમ આવે છે. તેથી શરમનો માર્યો હું મારું માથું ઊંચું કરી શકતો નથી!''

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 175 162 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીરના પાંચ સંકલ્પ

—કુમારપાળ દેસાઈ

રાજકુમાર વર્ધમાનમાંથી યોગી વર્ધમાન બન્યા. યોગી વર્ધમાનમાંથી પ્રભુ મહાવીર બન્યા. સાધનાના માર્ગનું મનોહર ઉર્ધ્વારોહણ ભગવાન મહાવીરના ચરિત્રમાં જોવા મળે છે. સાધકના જીવનમાં કોઈક ઘટના એવી બનતી હોય છે કે જે એમના સાધનામાર્ગની અત્યંત મહત્ત્વની ઘટના બને છે.

ભગવાન મહાવીરના જીવનમાં મોરાકસંનિવેશમાં બનેલી ઘટના આવું વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ મોરાક સંનિવેશમાં દુઈજ્જંત તાપસોનો વિશાળ આશ્રમ હતો અને એ આશ્રમના કુલપતિ રાજા સિદ્ધાર્થના પરમ મિત્ર હતા. કૌટુંબિક સંબંધને કારણે આ તાપસ કુલપતિ મહાવીરને બે હાથ ફેલાવીને પ્રેમથી ભેટવા દોડ્યા. આશ્રમના કુલપતિએ મહાવીરને સ્નેહાગ્રહથી પોતાને ત્યાં એક રાત રોકાવા વિનંતી કરી. બીજે દિવસે મહાવીર વિદાય લેતા હતા ત્યારે તાપસ કુલપતિએ કહ્યું,

''હે તપસ્વી વર્ધમાન! તમારા પિતા મારા મિત્ર હતા. આથી આ આશ્રમ પણ તમારો જ સમજજો. ચોમાસાના ચાર મહિના-ચાતુર્માસ— આપ અહીં રહો, તેવી મારી સ્નેહપૂર્વક વિનંતી છે. આ પવિત્ર એકાંત સ્થળમાં તમારા ધ્યાન અને તપ જરૂર વિસ્તરશે.''

તાપસ કુલપતિના આગ્રહને વશ થઈને મહાવીરે પ્રથમ વર્ષાવાસ-ચાતુર્માસ ત્યાં કરવાનો વિચાર કર્યો. આમ તો રાજમહેલ અને સુખ-સગવડ ત્યજીને આવનારને કશી સુવિધાની ખેવના ન હોય. પરંતુ કુલપતિના સ્નેહને કારણે એમણે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

આ સમયે મહાવીર ચંદ્ર જેવી શીતળ મનોવૃત્તિવાળા છતાં સૂર્ય જેવા તેજસ્વી હતા. ગજેન્દ્ર જેવા બળવાન અને મેરુ જેવા નિશ્ચલ હતા. સમુદ્ર જેવા ગંભીર અને સિંહ જેવા નિર્ભય હતા. કમળપત્રની જેમ નિર્લેપ અને લોક-પરલોક, સુખ-દુઃખ, સંસાર તથા મોક્ષમાં સમાન ભાવ ધરાવતા હતા.

ગ્રીષ્મ ઋતુમાં અન્યત્ર વિહાર કર્યા બાદ તેઓ ચોમાસામાં મોરાક સંનિવેશના દુઈજ્જંત તાપસના આશ્રમમાં પાછા આવ્યા. તાપસે વર્ષાવાસ માટે ઘાસથી આચ્છાદિત એવી ઝૂંપડી રાજકુમાર વર્ધમાનને આપી. જ્યાં તેઓ જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન બની ગયા. આ સમયે ભૂખી ગાયો ચારા માટે આમતેમ ભટકતી ભટકતી તાજા ઘાસના પૂળાથી બનાવેલી પર્ણકુટિ પાસે આવતી અને પૂળા ખેંચવા પ્રયત્ન કરતી. પહેલાં તો તાપસો લાકડી લઈને દોડી આવતા અને ગાયોને દૂર કરતા, પણ પછી એમને લાગ્યું કે આ તે કેવો અતિથિ છે કે જે પોતે પોતાની ઝૂંપડીને સાચવતો નથી. તાપસો કંટાળ્યા અને એમણે કુલપતિને ફરિયાદ કરતાં કહ્યું, ''અરે, આ અતિથિ કેવો આળસુ છે કે જે પોતાની ઝૂંપડીની પણ રક્ષા કરતો નથી. જો એની આ ઝૂંપડી તૂટી જશે તો એને બીજી કોણ બનાવી આપશે?''

કુલપતિ મહાવીરની ઉદાસીનતાથી નાખુશ થઈ ગયા અને એમણે આવીને મહાવીરને કહ્યું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



''પંખીઓ પણ પોતાના માળાની રક્ષા કરે છે, તો તમે તો માનવી છો, ક્ષત્રિય છો. તમારી ઝૂંપડીની તમારે દરકાર કરવી ઘટે.''

ધ્યાનમગ્ન મહાવીરે એ વખતે તો કુલપતિની વાતનો ઉત્તર ન આપ્યો પરંતુ મનોમન વિચારવા લાગ્યા, ''ઓહ, મહેલનો ત્યાગ કરનાર ઝૂંપડીની માયામાં ફસાઈ ગયો! હું સાધના માટે સઘળું છોડીને નીકળ્યો છું, ત્યારે વળી મારી ઝૂંપડીને મમતા અને દરકાર મને કઈ રીતે અટકાવી શકે? જે ઝૂંપડીમાં અમુલખ આત્મા રહે છે એને ભૂલીને આ ઘાસના પૂળાની સારસંભાળ કયાં કરું?''

વળી, મહાવીર વિચારે છે કે મારે કારણે તાપસ કુલપતિને અને એમના શિષ્યોને ગ્લાનિ, દુઃખ અને પરેશાની ઊપજે છે. એમનાં મન ઉદ્વિગ્ન થાય છે. મારું સ્થળ તો એવું હોય કે જેનાથી કોઈને લેશમાત્ર દુઃખ નીપજે નહીં. મારી સમાધિ એમની અસમાધિનું કારણ બને તે કેમ ચાલે?

ભગવાન મહાવીર કુલપતિ પાસે ગયા. વર્ષાકાલના પંદર દિવસ વ્યતીત થઈ ગયા હતા. એમણે સદ્‌ભાવ સાથે કુલપતિની અનુમતિ લઈને આશ્રમમાંથી વિદાય લીધી.

આ સમયે એમણે પાંચ સંકલ્પ કર્યા :

(૧) અપ્રીતિ થાય તેવા સ્થળે ન રહેવું,

(૨) જયાં રહેવું ત્યાં સદા ધ્યાનમગ્ન રહેવું અને ધ્યાનને અનુકૂળ જ જગા શોધવી,

(૩) પ્રાયઃ મૌન રહેવું,

(૪) કરપાત્ર વડે જ ભોજન કરવું અને

(૫) ગૃહસ્થની ખુશામત કરવી નહીં.

ભગવાન મહાવીરના આ પાંચ સંકલ્પો એ એમના સાધના જીવનનાં પાંચ મહાન સૂત્રો બની રહ્યાં.

*

# ભાવનગરમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરુભગવંતો

**પ.પૂ. આ.શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**
દાદસાહેબ જૈન દેરાસર-ઉપાશ્રય,
કાળાનાળા, ભાવનગર-૩૬૪૦૦૧

**પ.પૂ.આ.શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
વિદ્યાનગર જૈન દેરાસર-ઉપાશ્રય,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨

**પ.પૂ.આ.શ્રી વિજયહ્રીંકારસૂરીશ્વરજી મ.સા.**
**પ.પૂ.મુનિશ્રી વિદ્યાધરવિજયજી મ.સા.**
કૃષ્ણનગર જૈન દેરાસર-ઉપાશ્રય, નેમિસૂરિ-માર્ગ, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ.આ.શ્રી વિજયભદ્રસેનસૂરીશ્વરજી મ.સા.**
શાસ્ત્રીનગર જૈન દેરાસર-ઉપાશ્રય,
શાસ્ત્રીનગર, ભાવનગર-૩૬૪૦૦૩

**પ.પૂ. ગણિવર્યશ્રી નંદીઘોષવિજયજી મ.સા.**
નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી,
રાધનપુરી બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

**પ.પૂ. મુનિરાજશ્રી અનંતકીર્તિવિજયજી મ.સા.**
ગોડીજી જૈન દેરાસર-ઉપાશ્રય,
વોરા બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

***સંકલન : દિવ્યકાંત સલોત***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Jaina
# Federation of Jain Associations in North America

## આયોજિત

## વીરચંદ રાઘવજી ગાંધી શિષ્યવૃત્તિ

વીરચંદ રાઘવજી ગાંધી ઇ.સ. ૧૮૬૫માં મહુવા-સૌરાષ્ટ્રમાં જન્મ પામ્યા હતા. તેજસ્વી પ્રતિભાસંપન્ન વીરચંદભાઈ પરદેશ જઈ કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી ભારતમાં વકીલાતનો ધંધો કરતા હતા. ૧૮૯૩માં શિકાગો-અમેરિકામાં આયોજિત પ્રથમ વિશ્વધર્મ પરિષદમાં તેઓ જૈનધર્મના પ્રતિનિધિ તરીકે આમંત્રિત હતા. તેમણે ભ. મહાવીરના વિશ્વમૈત્રી અને અહિંસાના સિદ્ધાંતોનો પાશ્ચાત્ય દેશોને સર્વપ્રથમ સંદેશ આપ્યો અને તેમની ખૂબ જ પ્રશંસા થઈ હતી. ત્યાર બાદ તેમણે અમેરિકામાં તથા યુરોપમાં જૈન કેન્દ્રોની સ્થાપના કરી અનેક વિદેશીઓને જૈન ધર્મના અનુરાગી બનાવ્યા હતા. ૧૦૦ વર્ષ બાદ પુનઃ ૧૯૯૩માં શિકાગો અમેરિકામાં બીજી વિશ્વધર્મ પરિષદનું આયોજન થયું તે સમયે વીરચંદ રાઘવજી ગાંધીની સ્મૃતિમાં જૈના-અમેરિકાની સંસ્થાએ વિભિન્ન કાર્યક્રમો યોજયા હતા. તે ક્રમમાં ૧૯૯૭માં વીરચંદ રાઘવજી ગાંધી શિષ્યવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિષ્યવૃત્તિ જૈનધર્મ-દર્શનની વિભિન્ન શાખો જેવી કે જૈનધર્મ-દર્શન, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ઇતિહાસ, આગમ, ભાષા વગેરેમાં અભ્યાસ કરતા તેજસ્વી તથા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. માન્ય સંસ્થાઓ અને યુનિ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ માટે વાર્ષિક ૧૫,૦૦૦ થી ૧૭,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજારથી સત્તર હજારની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ અંગે નીચેના સ્થળે સંપર્ક સાધવો.

**સંપર્ક સૂત્ર**

**શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર**

''દર્શન'', રાણકપુર સોસાયટી સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ ફોન : ૨૮૬૮૭૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમેરિકામાં યોજાયેલા ડૉ. કુમારપાળ દેસાઈનાં પર્યુષણ-પ્રવચનો

આગામી પર્યુષણ પર્વ દરમિયાન જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક અને જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈના 'જૈન સેન્ટર ઑફ સધર્ન કેલિફોર્નિયામાં' વીસ પ્રવચનો યોજવામાં આવ્યા છે. આ પ્રસંગોએ તેઓ જૈન તત્ત્વજ્ઞાન અને જૈન ઇતિહાસની માર્મિક છણાવટ કરશે. તે ઉપરાંત 'કલ્પસૂત્ર' આધારિત વક્તવ્ય આપશે. જૈન સેન્ટરના તૈયાર થઈ રહેલા વિશાળ મ્યુઝિયમનો ભૂમિપૂજનવિધિ પણ યોજશે.

અમેરિકાની ગુજરાતી લીટરરી એકેડેમીએ પણ ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષપદે વિવિધ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કર્યું છે, જેમાં કવિ કલાપીની સવા શતાબ્દિને અનુલક્ષીને તેમજ શ્રી ચંદ્રવદન મહેતાની જન્મશતાબ્દિને લક્ષમાં રાખીને એમના અધ્યક્ષસ્થાનેથી જુદા જુદા સેમિનાર યોજવામાં આવ્યા છે.


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**નિરંજનભાઈ ડી. દવે** — મેનેજિંગ ડીરેક્ટર
**વેણીલાલ એમ. પારેખ** — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાપના પંથેથી પાછા ફરવું તે ધર્મ છે!

આજે માણસ ધન અને ધંધાની પાછળ એવો દોડ્યો છે કે, એ ધર્મને તો સાવ વિસરી જ બેઠો છે!

વાતે વાતે એને વેપાર સૂઝે છે, વહાલની વાણીનો લય એ વિસરી બેઠો છે.

વેપારી તોલમાં ગોલમાલ કરે છે તો વકીલો ખોટા લોકોને કાયદાની ગૂંચમાંથી બહાર કાઢે છે. અમલદારો ફરજ નિભાવવા બદલ વેતન મેળવતા હોવા છતાં લાંચ માંગે છે અને શિક્ષકો ટ્યૂશન તથા પરીક્ષાની ગેરરીતિઓ પાછળ પ્રામાણિકતા અને નિષ્ઠાને ચૂકી રહ્યા છે. ડૉકટરો દયા ભૂલ્યા છે તો નેતાઓ નીતિને ભૂલ્યા છે.

આવી આબોહવામાં સચ્ચાઈની ધૂપસળી મહેકતી હોય ત્યારે એનો આહ્‌લાદ સાવ અનેરો જ હોય છે!

વૈદ્યરાજ ઝંડુ ભટ્ટનું નામ આયુર્વેદના ઈતિહાસનું એક ગૌરવવંતુ નામ છે. આજે તો તેઓ હયાત નથી, પરંતુ તેમના જીવનની સૌરભથી સમાજ લાભાન્વિત છે જ!

વૈદ્યરાજ ઝંડુ ભટ્ટ પાસે એક યુવાન વૈદક શીખવા આવે. એ યુવાન બડો ચતુર હતો. ભટ્ટજી એને પોતાની પાસે રાખીને દરરોજ નવી નવી વાતો શીખવતા. કઈ જડીબુટ્ટીનો કેવો અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેનું મિશ્રણ કઈ રીતે કરવું, ખરલમાં ઓસડિયાંને કઈ રીતે ઘૂંટવાં વગેરે ઉપરાંત દર્દના નિદાનની પણ રૂડી તાલીમ તેઓ આપતા હતા.

એક વખત કેટલાંક ઓસડ ખૂબ વાસી થઈ ગયાં હતાં. ઝંડુ ભટ્ટજીએ યુવાન શિષ્યને કહ્યું :

'ભાઈ, આ વાસી ઓસડ ઉકરડે પધરાવી આવો....'

'પણ આ તો ખૂબ કિંમતી ઓસડ છે....'

'તો શું? હવે તેની અસરકારતા ખતમ થઈ ગઈ....'

'પણ....કોઈક દર્દીને આપણે આ ઓસડિયાં અડધી કિંમતે વેચી દઈશું....'

યુવાન શિષ્યની આવી વાત સાંભળીને ઝંડુ ભટ્ટ દુઃખી થયા અને બોલ્યા :

'ભાઈ, દવાનું ક્ષેત્ર દુવાના ક્ષેત્ર જેટલું પવિત્ર હોવું જરૂરી છે. આ વેપાર નથી, સેવા છે. અહીં નફો મહત્ત્વનો નથી, નિષ્ઠા અને નીતિ મહત્ત્વનાં છે અને એક વાત યાદ રાખજે વત્સ, કે દર્દીને દવા આપવી એ આપણી ફરજ નથી, પણ દર્દીને દર્દમુક્ત કરવો—સાજો કરવો એ આપણી મૂળભૂત ફરજ છે. જે વ્યક્તિ દર્દીના દર્દ સાથે પણ સોદાબાજી કરતી હોય તે રાક્ષસથી ય બદતર છે.

ગુરુએ વૈદક વિદ્યાનો મૂળ મંત્ર ભણાવ્યો.

પરંતુ એ યુવાન શિષ્યને સેવા કરવામાં નહિ, માત્ર મેવા ખાવામાં જ રુચિ હતી. વૈદક શીખી લીધા પછી આચારસંહિતાની તમામ વાતો નેવે મૂકીને એ વેપારી બની ગયો. દર્દીઓને છેતરવા લાગ્યો. રૂપિયા-પૈસા કમાવા એ જ માત્ર એનું લક્ષ્ય બની ગયું. તે માનવતાને પણ સાવ ઓળંગી ગયો.

લોકો તો યુવાન વૈદ્યરાજ પાસે શ્રદ્ધાથી જતા....જેને દર્દ મટે એ વૈદ્યરાજનાં ગુણગાન ગાય ને જેને દર્દ ના માટે તે પોતાના ભાગ્યનો દોષ કાઢે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવામાં એ વૈદ્યરાજજીના કોઈક સગાનો યુવાન દીકરો ગંભીર માંદગીમાં ફસાયો. એનાં લગ્ન તાજેતરમાં જ થયેલાં હતાં. એ દર્દીને લઈને તેનાં મા-બાપ, તેની પત્ની સૌ આ વૈદ્યરાજ પાસે પહોંચ્યાં. વૈદ્યરાજે દર્દીની નાડી તપાસી. દર્દ ખૂબ ઊંડું અને ગંભીર લાગ્યું. વળી આ દર્દી તો પોતાનો સગો પણ થતો હતો. હવે કરવું શું?

વૈદ્યરાજ વિમાસણમાં અટવાયા.

ત્યાં જ દર્દીની માતા બોલી : 'વૈદ્યરાજ! ચૂપ કેમ છો?'

'આપના દીકરાની સારવાર માટે વિચારું છું!'

'અરે બેટા! તમે તો બહુ મોટા વૈદ્યરાજજી છો. વળી ઝંડુ ભટ્ટના શિષ્ય છો! તમારી સારવાર તો મડદાંને ય એક વાર તો બેઠાં કરી દે!'

'ના, માજી! એવું કાંઈ નથી!'

'બેટા, એક વાત કહું? મારા દીકરાના માથે તમે વહાલથી માત્ર હાથ ફેરવશો તો ય એ સાજો થઈ જશે....! તમારી ભલી લાગણી પણ દર્દી માટે દવા બની જશે....!' દર્દીની માતા બોલી.

અને એ શબ્દોએ પેલા વૈદ્યરાજના ભીતરમાં બેઠેલા શયતાન વેપારીને ઢંઢોળી નાખ્યો....અરેરે! લોકો મારા ઉપર કેવી શ્રદ્ધા રાખે છે.....ને હું તેમની શ્રદ્ધાનો સોદો કરું છું!

બસ....એ પુનિત પળે વૈદ્યરાજની વૃત્તિઓમાં પરિવર્તન આવી ગયું. એક ગુમરાહ માનવી માનવતાના દિવ્ય પંથે પાછો ફર્યો....

ખોટા માર્ગેથી પાછા વળવું તે શાણપણ છે. પાપના પંથેથી પાછા ફરવું તે ધર્મ છે.

ફરીશું ને....?

(લેખકશ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)

* * *

વાવાઝોડાના પવન વચ્ચેય દીવો પ્રગટાવનાર ધન્યવાદને પાત્ર છે.....

અત્યારની સખત મંદીના વાતાવરણ વચ્ચેય કરોડોનો વેપાર કરનાર લોકચાહના મેળવે જ છે....

પ્રતિકૂળ પવન અને ખૂબ ઉછળતા મોજાઓની પરવા કર્યા વિના સામે પૂરે તરીને કાંઠે પહોંચનાર પ્રશંસાને પાત્ર છે....

એમ જ...

વિલાસી વાતાવરણ અને પ્રલોભનો વચ્ચે જીવવા છતાંય સ્વ-જીવનને સાત્ત્વિક અને સદ્‌ગુણી બનાવનાર પુણ્યાત્મા વંદનીય છે...સ્મરણીય છે....પૂજનીય છે....

**'શ્રી આત્માનંદ પ્રકાશ'** માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

# શાહ શાંતિલાલ લાલચંદ–હારીજવાળા

''શાંતિ સદન'', ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪૦૦૩

ફોન : ૪૩૦૬૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તોલ મોલ પછી બોલ

*મુનિ દેવરત્નસાગર*

સમુદ્રમાં વહાણ ચાલે છે. દરિયો તોફાની બન્યો છે. વહાણ ટકાવવું અઘરું છે. વહાણનું વજન ઓછું કરવું પડે. જે કાંઈ વધારાનું હતું તે દરિયામાં નાખવા માંડ્યું, વહાણને સ્થિર રાખવા ઘણી મથામણો વેઠવી પડી. ફર્નિચર નાખવા માંડ્યું, ખુરશીઓ ફેંકી દીધી છતાં વજન ઘટાડવું હતું. માણસો ફેંકવાનું નક્કી થયું. ને બે નેતાઓને ઉપાડીને ફેંક્યા. જે કાંઈ ફેકાતું એ મોટા મગરમચ્છ ગળી જતા હતા.

તોફાન શાંત પડ્યું.

વહાણ કિનારાની નજીક લાવ્યા.

મગરમચ્છ તો વળગેલા જ હતા. એના જડબામાંથી વહાણના ભાગને છૂટો પાડ્યો પછી મગરમચ્છને ચીરવામાં આવ્યા. ત્યાં એના પેટમાં પેલા દરિયામાં નાંખી દેવાયેલા બે નેતાઓ ને એક ખુરશી હતી. તેઓ ખુરશીને સામસામે ખેંચીને બેઠા હતાં ને એક જ ખુરશી માટે બેઉ લડતા હતા.

આ ભલે કાલ્પનિક કથા છે પણ આજે ચારેબાજુ આવું જ નજરે ચડે છે. ગામ હોય કે મંડળી, જ્ઞાતિ હોય કે પોળ, એસોસિયેશન હોય કે યુનિયન, રાજકારણ કે સમાજકારણ, મઠ હોય કે અખાડા....બસ, વહાણ ખરાબે ચડે છે. ત્યારે મૂળ શોધીએ તો ખબર પડે કે ખુરશીની ખેંચાખેંચ છે.

આજનો માણસ અશાંત છે, બેચેન છે, વ્યગ્ર છે, કારણકે તે અંદરથી જ વિક્ષુબ્ધ બન્યો છે. શાંતિ–સમાધિ સમગ્ર વિશ્વમાં જોખમાઈ ગયા છે. ચારેબાજુ શોર, ઘોઘાંટ, અર્થહીન ઉતાવળ છે. વ્યર્થ વિતંડાવાદ છે. વાદોનો અવાજ, ભાષણ, પરિસંવાદના નામે ભાષણ! વાતાવરણમાં અથડાય! છે શબ્દોના દિમાગતોડ ભાષણ!

સારવાર કેન્દ્ર હોય કે સ્મશાન ગૃહ, જ્ઞાનસભા હોય કે શોકસભા બધાયમાં અનાવશ્યક શબ્દોની છૂટી જીભે લહાણી કરીએ છીએ.

અભિપ્રાયો ઉચ્ચારવામાં, માપ કાઢવામાં, સારા ખોટાના સ્ટેમ્પ મારવામાં, આપણે ટપાલ કચેરીના કર્મચારીની જેમ ફટાફટ સ્ટેમ્પીંગ કરી નાંખીએ છીએ અને પાછા બાંધેલી ગાંઠ બહાર નીકળવા દેતા નથી.

ખોવાય છે શાણપણ.

ખોવાય છે સમજદારી.

સંવત્સરી એ છેલ્લો દિવસ! પર્યુષણ જેમ સરી ગયા તેમ જીવન પણ સરકી જશે. બાજી હાથમાંથી સરી જાય એ પહેલા કંઈક કરી લેવા જેવું ખરું?

જીવનનું મધુર સંગીત સાંભળવા મન શાંત અને સ્વચ્છ બનાવો. ક્ષમા અને સહનશીલતાનો વિકાસ કરવો જ પડશે.

આવશ્યકતા અને અપેક્ષાઓનું સ્ટીયરીંગ ક્રમશઃ સંતોષ તરફ વાળવા માંડીએ.

આઘાત સામે પ્રત્યાઘાતની ભાષા બંધ કરીએ...

તિરસ્કાર નહિ અને સંભળાવી દેવાની વૃત્તિ નહિ રાખવાનો સંકલ્પ આજે અચુક કરીએ.....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમના ભોગે સંપત્તિ અને ખ્યાતિની દોડમાંથી આપણા નંબરની બાદબાકી કરવામાં જ આધ્યાત્મના ક્ષેત્રની જીત છે. જીવનનું મધ્યબિંદુ શાશ્વતરૂપે ખિલાવવામાં જ શ્રેય છે.

ક્રોધ અને ઈર્ષાથી ભરેલા આ માનવમનને સદ્ભાવ અને સહાનુભૂતિ, ક્ષમા અને ઝિંદાદિલીની શ્રૃંખલામાં તીવ્ર મનોવિકારને દેશવટો દઈ સાચા અર્થમાં સંવત્સરી આરાધીએ.

આપીએ નહિ હવે પામીએ એ જ ભાવના....

(મુંબઈ સમાચાર દૈનિક તા. ૩-૯-૯૭માંથી સાભાર)

✻


# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव वेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

## થાપણના વ્યાજનાં દરો

**(તા. ૯-૫-૨૦૦૦ થી અમલમાં)**

| | |
|---|---|
| ❖ **સેવિંગ્ઝ** | **૪.૫ ટકા** |
| ❖ **ફિક્સ ડીપોઝીટ :** | |
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૬ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૮ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૦.૫ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૧ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૧.૫ ટકા |

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ**
મેનેજિંગ ડીરેકટર

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ**
વા. ચેરમેન

**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ**
જો. મે. ડીરેકટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી સભાને સખીદીલ ટ્રસ્ટો, સભ્યશ્રીઓ તથા શુભેચ્છકો તરફથી ઉદાર હાથે મળેલ દાન-ડોનેશનો !

કોઈપણ સંસ્થા માટે તેના વિકાસ અને નિભાવ માટે સમય જતાં નાણાંકીય જરૂરિયાતો ઊભી થતી હોય છે. તેમાં વળી આપણી ''શ્રી જૈન આત્માનંદ સભા જેવી એક શતાબ્દિ—સો એક વર્ષ વટાવી ચૂકેલી સંસ્થાને વધુ વિકસાવવી, તેને નિભાવવી અને તેને ગુજરાત—સૌરાષ્ટ્રમાં જૈન ધર્મના પ્રચાર-પ્રસાર અને કેળવણીના ઉત્તેજન ક્ષેત્રે પણ મૂલ્યવાન પ્રદાન કરી અગ્રીમ હરોળમાં અડીખમ રીતે ટકાવી રાખવી એ એક ભગીરથ કાર્ય છે.

આ ઉમદા ધ્યેયને લક્ષમાં રાખી સભાની કારોબારી સમિતિએ સભાના મુંબઈ ખાતે વસતા માનનીય પેટ્રન સાહેબો તથા શુભેચ્છકોને આ માટે ડોનેશન-ફંડ એકત્રિત કરવા સભા તરફથી ખાસ અંગત પત્રો કે—જેમાં સંસ્થાના ભવ્ય અતીતથી લઈ વર્તમાન તેમજ ભાવિ યોજનાઓ બાબત લખેલા—જેના પ્રત્યુત્તરરૂપે મુંબઈવાસીઓએ ઘણો જ પ્રતીતિજનક અને સારો પ્રતિભાવ આપ્યો હતો.

આ સાનુકૂળ પ્રત્યુત્તરોથી ખૂબ જ પ્રભાવિત થઈ આપણી સભા તરફથી પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઈ ખીમચંદભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રી મનહરલાલભાઈ કેશવલાલ મહેતા અને સભાના મેનેજર શ્રી મુકેશકુમાર અમૃતલાલ સરવૈયા એમ ચાર મહાનુભાવો ગત તા. ૩-૬-૨૦૦૦ના રોજ મુંબઈ ખાતે ડોનેશન એકત્ર કરવા પોતાના સ્વખર્ચે ગયેલા અને તેઓશ્રીએ તા. ૧૨-૬-૨૦૦૦ સુધીના દસેક દિવસના રોકાણ દરમ્યાન આ ભગીરથ કાર્યની કામગીરી બજાવી રૂા. ૨,૩૬,૦૦૦/— રૂા. બે લાખ છત્રીસ હજાર પૂરા રોકડા-ડ્રાફટ-ચેકો દ્વારા તથા રૂા. ૨,૧૧,૦૦૦/—ના આશાસ્પદ પ્રોમીસ દ્વારા ભેટરૂપે મેળવી આપેલ છે. મુંબઈના સખીદાતાશ્રીઓએ પણ ખૂબ જ ઉદારતાપૂર્વક આ સભાને પોતાની જ અંગત ગણી ઉમળકાભેર સાથ-સહકાર આપેલ છે. મુંબઈ ખાતે ફંડ એકત્ર કરવામાં તેમજ પેટ્રન મેમ્બરો બનાવવામાં આપણી સભાના પેટ્રન મહાનુભાવો સર્વશ્રી ભાસ્કરરાય વિઠ્ઠલદાસ શાહ, શ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠ (કટકવાળા) તથા શ્રી જયંતભાઈ શાંતિલાલ શાહે સક્રિય રસ લઈ સાથ-સહકાર આપેલ છે.

ઉપરોક્ત ચિરસ્મરણીય કામગીરીની સ્થાનિક કારોબારી સમિતિએ ખૂબ જ આનંદપૂર્વક વધાવી વિશેષ નોંધ લેવા પૂર્વક આ માનદ્ સેવાના ડોનેશન અભિયાનમાં તન-મન-ધનથી સહયોગી થનાર દરેક મહાનુભાવોની ભૂરિ-ભૂરિ અનુમોદના કરેલ છે.

પ્રાપ્ત થયેલ ડોનેશનની વિગત પેઈજ નં. ૯૭ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની સુજ્ઞ વાચક બંધુઓએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

**અહેવાલ : ભાસ્કરભાઈ વકીલ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**'શ્રી આત્માનંદ પ્રકાશ'** માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

## ✧ ડી. એલ. શાહ ✧

❖ પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષ્ચર, સ્ટીલ વાસણ સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

❖ ઇમ્પોર્ટેડ ફ્લાવર, થર્મોવેર, કોકરી વેર, ફેન્સી પર્સ, ગીફ્ટ આઇટમ, કાર્ડસ તથા હોમ એપ્લાયન્સની અનેક વિવિધ વેરાઇટીઓ....

## ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ

❖ કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર-૩૬૪૦૦૧
❖ હવેલીવાળી શેરી, વોરાબજાર, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૪૨૭૯૦૨

જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા
માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ કોટિ વંદના હો....

卐

**"શ્રી આત્માનંદ પ્રકાશ"** માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

## મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ

**કાપડના વેપારી**

મેઈન રોડ, જોરાવરનગર-૩૬૩૦૨૦ (જિ. સુરેન્દ્રનગર)
ફોન : (STD Code-02752) (O) : 22842, 22324 (R) : 22056, 31523

## કોરસ ટાઈલ્સ પ્રાઈવેટ લિમીટેડ

નવાગામ, થાનગઢ-૩૬૩૫૩૦ (જિ. સુરેન્દ્રનગર)
ફોન : 20811, 20565 (STD Code-02751)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રીઓ

૧. શ્રી સુરેન્દ્રભાઈ મણીલાલ મહેતા (એસ.એમ. મહેતા એન્ડ કું.) મુંબઈ-૪
૨. શ્રી રવિનચંદ્ર ગોવિંદજીભાઈ શાહ (કોસમીસ એન્જિનીયર્સ) મુંબઈ-૬૯
૩. શ્રી ચંદ્રકાંતભાઈ ટી. અંબાવી (અંધેરી-ઈસ્ટ) મુંબઈ-૬૯
૪. શ્રી વિજયકુમાર કેશવલાલ પારેખ (અંધેરી-ઈસ્ટ) મુંબઈ-૬૯
૫. શ્રી અનિલકુમાર રતિલાલ પરીખ (અંધેરી-ઈસ્ટ) મુંબઈ-૬૯
૬. શ્રી ભીમજીભાઈ રતનશી કારીઆ (ઓલ્વીન ઝમ્બો ઝેરોક્ષ) અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૭. શ્રી પ્રફુલ્લકુમાર ઘેલાલાલ શાહ (અંધેરી-ઈસ્ટ) મુંબઈ-૬૯
૮. શ્રી દેવચંદભાઈ કાનજી ગોગરી (ગોગરી ઓફસેટ પ્રિન્ટર્સ) અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૯. શ્રી હિંમતલાલ દામજીભાઈ દોશી (૫૪, મીન્ટ રોડ, ફોર્ટ, મુંબઈ-૧)
૧૦. શ્રી નીતિનકુમાર અમૃતલાલ લાકડાવાળા (અમૃતલાલ એન્ડ કું.) ભાયખલા, મુંબઈ-૧૦
૧૧. શ્રી હર્ષદભાઈ શાંતિલાલ શાહ વીલેપાર્લા-વેસ્ટ, મુંબઈ-૫૬
૧૨. શ્રી કિશોરકુમાર કાંતિલાલ પારેખ, બોરીવલી-વેસ્ટ, મુંબઈ-૯૨
૧૩. શ્રી હેમેન્દ્રકુમાર ભાઈચંદભાઈ શાહ, બોરીવલી-વેસ્ટ, મુંબઈ-૯૨
૧૪. શ્રી રજનીકાંત લલ્લુભાઈ ગાંધી,ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ-૭૭
૧૫. શ્રી રાજેન્દ્રકુમાર ખાંતિલાલ ઠાર, મુલુન્ડ-વેસ્ટ, મુંબઈ-૮૦
૧૬. શ્રી ચંદ્રકાંતભાઈ જીવરાજભાઈ પારેખ (આર. નાગરદાસ એન્ડ કું.) સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૯
૧૭. શ્રી અનંતરાય શાંતિલાલ શાહ, અંધેરી-વેસ્ટ, મુંબઈ-૫૮
૧૮. શ્રી જિતેન્દ્રકુમાર પી. દોશી, (બોમ્બે કાર્ડસ એન્ડ એન્વેલપ્સ) ૩૨, દ્વારકાદાસ લેન, મુંબઈ-૧
૧૯. શ્રી કેતનકુમાર સુમનરાય શાહ, ભીમાણી સ્ટ્રીટ, માટુંગા, મુંબઈ-૧૯
૨૦. શ્રી વિપુલકુમાર ઈન્દુલાલ શાહ, બોરીવલી-ઈસ્ટ, મુંબઈ-૬૬
૨૧. શ્રીમતી ઉર્મિલાબેન એવંતીલાલ પારેખ, અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૨૨. શ્રી મનહરલાલ કેશવલાલ શાહ (સ્વસ્તીક સેનેટરી સ્ટોર્સ) અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૨૩. શ્રી કાંતિલાલ નાનાલાલ આલવી (શાહ), અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૨૪. શ્રીમતી ડોલરબેન સુરેશભાઈ દેસાઈ, અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૬૯
૨૫. શ્રી જેઠાલાલ ચુનીલાલ શાહ, સાંતાક્રુઝ-વેસ્ટ, મુંબઈ-૫૪
૨૬. શ્રી નરેન્દ્રકુમાર નેમચંદભાઈ વોરા, અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૯૨
૨૭. શ્રી કિરીટભાઈ શાંતિલાલ કપાસી, બોરીવલી-વેસ્ટ, મુંબઈ-૯૨
૨૮. શ્રી અનંતરાય ભવાનભાઈ શાહ, પાર્લા-વેસ્ટ, મુંબઈ-૫૬
૨૯. શ્રી રાજેશકુમાર એમ. દોશી (મે. ડેકોરેટીવ પ્રોડકટસ) ઘાટકોપર-વેસ્ટ, મુંબઈ-૮૬
૩૦. શ્રીમતી વનલીલાબેન વાડીલાલ શાહ, ટીમીલીયાવાડ, નાનપુરા, સુરત
૩૧. શ્રી નીતીનકુમાર નાગરદાસ શાહ (શાહ ભોગીલાલ ટ્રેડર્સવાળા), ભાવનગર
૩૨. શ્રી લક્ષ્મીકાંતભાઈ ખીમચંદ શાહ, વાઘાવાડી રોડ, શાહસદન, ભાવનગર
૩૩. શ્રી છોટાલાલ દેવચંદ મહેતા (આશા ટેક્ષટાઈલ્સવાળા), કલકત્તા
૩૪. શ્રી પ્રવિણચંદ્ર રતિલાલ શાહ (અનંત મેટલ્સવાળા) જમાદાર શેરી, ભાવનગર

For Private And Personal Use Only

Shree Atmanand Prakash ❑ જુલાઈ-ઓગસ્ટ : ૨૦૦૦ ❑ Regd. No. GBV 31

वस्तुतः परमात्मानमात्मानं समनुव्रज़न् ।
जडमोहनिरासाय प्रयत्नप्रवणो भवेत् ।।

卐

આત્મા વસ્તુતઃ એના મૂળ સ્વરૂપમાં પરમાત્મા છે, એના ઉપાસક બની જડમોહ(વિષયમોહ)ને દૂર કરવાની દિશામાં સુજ્ઞ જને પ્રયત્નશીલ થવું ઘટે.

卐

The (every) soul is, in its real or intrinsical nature, the Supreme Soul (God). A prudent person having followed his soul which is really the Supreme Being, Should be devoted to removing the attachment to materialism.

(કલ્યાણભારતી ચેપ્ટર-૬,
ગાથા-૩, પૃષ્ઠ ૧૦૦)

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી :** શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

**મુદ્રક અને પ્રકાશક :** 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાયેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'